RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 41* Date: 07.12.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ખેડૂત સંગઠનોને કુલ ૬ કરોડ ૩૫ લાખ ૮૩ હજાર ૯૪૦ રુપિયાનું દાન મળ્યું

નવીદિલ્હી,તા.૬

સંયુક્ત ખડૂત મોર્ચાએ દિલ્હીની બોર્ડર પર ગત ૧ વર્ષથી ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં ખેડૂત સંગઠનોને મળેલા દાનની ડિટેલ જાહેર કરી.

વિગતો અનુસાર ૨૬ નવેમ્બર ૨૦૨૦માં ૨૯ નવેમ્બર ૨૦૨૧ સુધી ખેડૂત સંગઠનોને કુલ ૬ કરોડ ૩૫ લાખ ૮૩ હજાર ૯૪૦ રુપિયાનું દાન મળ્યું. ત્યારે ૬ કરોડ ૩૫ લાખ રુપિયાથી વધારે મળેલા દાનમાં ખેડૂત સંગઠન અત્યાર સુધીમાં ૫ કરોડ ૩૯ લાખ ૮૩ હજારથી વધારે રુપિયા ખર્ચ કરી ચૂક્યા છે. હાલ તેમની પાસે ૯૬ લાખ રુપિયા બચ્યા છે.

પ્રદર્શન કારી ખેડૂત સંગઠનોનું માનીએ તો સૌથી વધારે ખર્ચ સ્ટેઝ બનાવવા તથા તેની ઉપર સ્પીકર અને લાઈટની વ્યવસ્થા કરવા પર ખર્ચ થયો છે. લગભગ ૮૧ લાખ ૪૭ હજારથી વધારે રુપિયા મંચ, લાઈટ અને સાઉન્ડ પર એક વર્ષમાં ખર્ચ થઈ ચૂક્યા છે. ત્યારે પ્રદર્શનકારીઓના નહાવા અને પીવાના પાણીની વ્યવસ્થામાં ખેડૂત સંગઠનોએ ૧૭ લાખ ૯૫ હજારથી વધારે ખર્ચ થયા છે.

ખર્ચના વિવરણ મુજબ તેમણે અત્યાર સુધીમાં પ્રદર્શનકારીઓની સારવાર અને દવાઓ પર ૬૮ લાખ ૫૭ હજારથી વધારે રુપિયા ખર્ચ કર્યા છે. તિરપાલ, કૈમરા અને વોકી ટોકી પર ૩૮ લાખથી વધારે, પ્રદર્શન સ્થળની સફાઈ પર ૩૨ લાખથી વધારે , લંગરના ટેન્ટ ૫૧ લાખ રુપિયા, વરસાદથી બચવા વોટર પ્રુફ ટેન્ટ પર ૧૯ લાખથી વધારે, ટીન શેડ પર ૪૫ લાખથી વધારે તથા આંદોલનના પ્રચાર પ્રસાર કરનારી આઈટી સેલ પર ૩૬ લાખથી વધારે ખર્ચ થયો છે.

કૃષિ કાયદો રદ થઈ ચૂક્યો છે. હજું ખેડૂતોની કેટલીક માંગો છે. જેને લઈને ખેડૂત આંદોલન પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું હતુ કે ખેડૂતની તમામ માંગો હજું પુરી થઈ નથી. સરકાર એમએસપી પર કાયદો બનાવશે. આંદોલનમાં માર્યા ગયેલા ખેડૂતોના પરિવારજનોને વળતર આપવું પડશે આ ઉપરાંત તેમની વિરુદ્ધના ખોટા કેસ પાછા લેવા પડશે. જે બાદ ખેડૂતોની ઘર વાપસી થશે.

### મોદી-પુતિન બેઠક અગાઉ આ બન્ને દેશ વચ્ચે ૨ ૨ સમિટ યોજાશે

## ભારત અને રશિયા વચ્ચે એકે-૨૦૩ રાઈફલ ડીલ પર લાગી મહોર

### રશિયાના વિદેશ મંત્રી અને રક્ષા મંત્રીએ વિદેશ મંત્રી એસ.,જયશંકર અને રક્ષા મંત્રી રાજનાથસિંહની સાથે મુલાકાત કરી હતી



,નવીદિલ્હી,તા.૬

રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને રશિયાના રક્ષા મંત્રી સર્ગેઇ શોઈગુની બેઠક મળી હતી. આ બેઠકમાં બંને દેશના નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે એસોલ્ટ રાઇફલ એકે-૨૦૩ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ દ્વારા ભારત-રશિયા રાઇફલ પ્રાઈવેટ લિમિટેડના માંધ્યમથી ૬,૦૧,૪૨૭ ૭.૬૩૮૩૯ મિમી આસોલ્ટ રાઈફલ્સ છ્દ્ધ-૨૦૩ની ખરીદી માટે કરાર કરવામાં આવ્યા હતા. ૨૦૨૧-૨૦૩૧ સુધીના સૈન્ય-ટેકનિકલ સહકાર માટેના કાર્યક્રમ જેવા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન એક દિવસના ભારત પ્રવાસે આવી રહે છે. પુતિન સોમવારે સવારે ભારત પહોંચશે અને મોડી સાંજે મોસ્કો જવા રવાના થશે. જો કે, નવી દિલ્હીમાં તેમનો કાર્યક્રમ ઘણો વ્યસ્ત રહેશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પુતિનની ભારત મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા કરારો થઈ શકે છે. પુતિનની આ મુલાકાત પર અમેરિકાની પણ ચાંપતી નજર રહેશે. ભારત અને રશિયા વચ્ચે પ્રથમ ૨ ૨ વાતચીત થશે. આ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

રશિયાના મીડિયા મુજબ પુતિનના એક દિવસના પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે ટ્રેડ, એનર્જી, કલ્ચર, ડિફેન્સ, સ્પેસ અને ટેક્નોલોજી ક્ષેત્રે લગભગ ૧૦ સમજૂતીઓ થઈ શકે છે. ડિફેન્સ સેકટર પર દુનિયાની નજર વધુ રહેશે. બે સમજૂતી બાબતે અમેરિકા પહેલેથી જ થોડું પરેશાન છે. આ જી-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ છે અને બીજી અમેઠીમાં છ્દ્ધ-૨૦૩ રાઈફલ્સનું પ્રોડકશન છે. અહીં સાડા સાત લાખ છ્દ્ધ-૨૦૩ રાઈફલ બનાવવામાં આવશે. વિશ્વમાં પ્રથમ વખત આ રાઈફલોનું રશિયાની બહાર પ્રોડકશન થશે.

મોદી-પુતિન બેઠક અગાઉ આ બન્ને દેશ વચ્ચે ૨ ૨ સમિટ યોજાશે. એના પ્રથમ તબક્કામાં ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહ રશિયાના રક્ષામંત્રી સર્ગેઈ શોઈગુ સાથે બેઠક મળી હતી. વિદેશમંત્રી એસ. જયશંકરની રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ સાથે મુલાકાત થઈ હતી. આ ૨ ૨ બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ભારત-રશિયા એન્યુઅલ સમિટ સમયે મુલાકાત કરશે.પુતિનની આ યાત્રા એવા સમયે યોજાઈ રહી છે કે તાજેતરમાં રશિયાના સુરક્ષા સલાહકાર નિકોલાઈ પાત્રુશેવ પાકિસ્તાનની યાત્રા પરથી પરત ફર્યા છે. આ સાથે જ અફઘાનિસ્તાનના મુદ્દે ભારત-અમેરિકા અને રશિયા-ચીન વચ્ચે મજબૂત બની રહેલા સંબંધ સહિત વિશ્વની બદલાઈ રહેલી રાજકીય-આર્થિક સ્થિતિને જોતાં પુતિનની આ યાત્રા ભારત-રશિયા સંબંધોની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

ભારતે વર્ષ ૨૦૧૮માં રશિયાથી પાંચ જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે ૫.૪ અબજ ડોલરની ડીલ કરી હતી. જી-૪૦૦ એર ડિફેન્સ વધુ સારી આધુનિક મિસાઈલ સિસ્ટમ છે, જેની તુલના અમેરિકાની શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ પેટ્રિએટ મિસાઈલ સિસ્ટમ સાથે થાય છે. ભારતની રશિયા સાથે પાંચ જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની અબજો ડોલરની ડીલથી અમેરિકા નારાજ છે અને ઈચ્છે છે કે રશિયા ભારતને આ ડિફેન્સ સિસ્ટમ ન આપે, પણ તેણે અમેરિકાની નારાજગીને નજરઅંદાજ કરી આ ડીલ મુદ્દે આગળ વધવાનો નિર્ણય કર્યો છે

## જમ્મુ-કાશ્મીરમાં એક સાથે વરસાદ અને હિમ વર્ષા : તીવ્ર ઠંડી યથાવત



શ્રીનગર,તા.૬

ચક્રવાત ‘જવાદ‘ નબળું પડીને ઉંડા દબાણમાં ફેરવાઇ ગયું છે. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ઉત્તરપૂર્વ અરબી સમુદ્રમાં સરકયુલેશન વિકસિત થયું છે. આ કારણે વ્યાપક મોસમી ફેરફાર જોવા મળી શકે છે. સમાચાર એજન્સી પીટીઆઇના અહેવાલ મુજબ જમ્મુ-કાશ્મીર અને અન્ય પહાડી વિસ્તારોમાં આગામી બે દિવસ સુધી હળવાથી ભારે હિમવર્ષા થશે. એટલું જ નહીં ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં વરસાદની અપેક્ષા છે. આના કારણે દેશના ઘણા ભાગોમાં ઠંડો શિયાળો શરૂ થવાની ધારણા છે.

અહેવાલ મુજબ જમ્મુ-કાશ્મીરમાં બે દિવસ સુધી હળવાથી ભારે હિમવર્ષા થશે. જેના કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સોમવાર સાંજ સુધી હિમવર્ષા થવાની આગાહી છે. કાશ્મીરના મેદાની વિસ્તારોમાં બેથી ત્રણ ઇંચ હિમવર્ષા થવાની ધારણા છે જયારે ઉચ્ચ વિસ્તારોમાં છ થી સાત ઇંચ હિમવર્ષા થવાની ધારણા છે.ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ વરસાદ અને હિમવર્ષાની શકયતા છે. બંને પ્રદેશોમાં ઉચા વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદની શકયતા છે. જેના કારણે ઉત્તર ભારતના ભાગોમાં ઠંડી શરૂ થશે. બંગાળના ઘણા ભાગોમાં વ્યાપક વરસાદ થશે બીજી તરફ ચક્રવાત ‘જવાદ‘ નબળુ પડવાને કારણે અને ઉત્તર-પૂર્વ તરફ આગળ વધવાના કારણે દેશના ઘણા ભાગોમાં સારો વરસાદ થવાની સંભાવના છે. તે ધીમે ધીમે ઉત્તર અને ઉત્તર-પૂર્વ તરફ પશ્ચિમ બંગાળના કિનારા તરફ આગળ વધશે. જેના કારણે ઉત્તર અને દિક્ષણ ૨૪ પરગણા, કોલકાત્તા, હાવડા અને પૂર્વ અને પશ્ચિમ મેદિનીપુર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિક્ષણ બંગાળના વિવિધ ભાગોમાં દિક્ષણ -૨૪ પરગણા અને પૂર્વ મેદિનીપુર જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારો અને પૂર્વ વર્ધમાનના કેટલાક ભાગો સહિત ભારે વરસાદની આગાહી છે.આને જોતા વહીવટી તંત્રે પ્રવાસીઓને દરિયાકાંઠાના વિસ્તારોમાં ન જવા જણાવ્યું હતું.

## પ્રથમ સપ્તાહમાં રાજ્યસભાનો ૫૨ ટકા સમય વેડફાયો, ૨ બિલ પાસ થયા, ૨૨ ખાનગી બિલ રજૂ કરાયા

નવીદિલ્હી,તા.૬

સંસદના શિયાળુ સત્રનું પહેલું અઠવાડિયું વિક્ષેપ અને વિરોધમાં પસાર થયું હતું. પ્રથમ સપ્તાહમાં રાજયસભાની કાર્યવાહી માટે ફાળવવામાં આવેલા ૫૨ ટકા સમયનો વ્યય થયો હતો. કાર્યવાહી માટે ફાળવવામાં આવેલ સમયના માત્ર ૪૭.૭૦ ટકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૧૨ સાંસદોના સસ્પેન્શન અને અન્ય મુદ્દાઓ પર વિરોધ પક્ષોના વિરોધને કારણે ગૃહની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવી પડી હતી.

શુક્રવારે રાજ્યસભામાં કામકાજ ૧૦૦ ટકા અને અગાઉ ગુરુવારે ૯૫ ટકા ઉત્પાદકતા હતી. છેલ્લા સપ્તાહ દરમિયાન ગૃહની ઉત્પાદકતા ૪૭.૭૦ ટકા રહી છે. ગુરુવારે ગૃહ નિર્ધારિત કરતાં ૩૩ મિનિટ આગળ ચાલ્યું, જે સપ્તાહની એકંદર ઉત્પાદકતા ૪૯.૭૦ ટકા પર લઈ ગયું. ખાનગી સભ્યો માટે શુક્રવારે અઢી કલાકના સમગ્ર નિર્ધારિત સમય માટે ગૃહ કાર્યરત રહ્યું હતું. છેલ્લી વખત આવું ૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ બજેટ સત્ર દરમિયાન થયું હતું.

શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહમાં રાજ્યસભામાં બે બિલ – કૃષિ કાયદા રદબાતલ બિલ અને ડેમ સેફ્ટી બિલ પસાર કરવામાં આવ્યા હતા. જ્યારે ૬૭ સૂચિબદ્ધ તારાંકિત પ્રશ્નોમાંથી, ૨૩ના જવાબ મૌખિક રીતે આપવાના છે. તે જ સમયે, ૮ સૂચિબદ્ધ પ્રશ્નો છોડી દેવામાં આવ્યા હતા કારણ કે તે પ્રશ્નો સસ્પેન્ડેડ સાંસદો દ્વારા પૂછવામાં આવ્યા હતા. શુક્રવારે રાજ્યસભામાં ૨૨ ખાનગી સભ્ય બિલ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં એક પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાંથી, બંધારણની પ્રસ્તાવનામાં સુધારાની માંગ કરતું બિલ હોલ્ડ પર રાખવામાં આવ્યું હતું. રાજ્યસભાના અધ્યક્ષ એમ. વેંકૈયા નાયડુ કેટલાક વિપક્ષી નેતાઓ અને મંત્રીઓને મળ્યા હતા. આ નેતાઓએ બંને પક્ષોને ૧૨ સાંસદોના સસ્પેન્શનને રદ કરવાની વિપક્ષની માંગ પર ચર્ચા કરવા વિનંતી કરી હતી. સસ્પેન્શનના મુદ્દે વિપક્ષના સાંસદો સતત ગૃહમાં અને સંસદ પરિસરમાં સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વિપક્ષી સભ્યોએ સસ્પેન્શનના પગલાને “અલોકશાહી” અને “પસંદગીયુક્ત” ગણાવ્યું છે. જોકે, માફી ન માગવા બદલ અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુએ કાર્યવાહીને રદ કરવાનો ઇનકાર કરી દીધો છે. જોકે, સસ્પેન્ડ કરાયેલા સભ્યો પીછેહઠ કરવાના મૂડમાં નથી અને સાંસદો સંસદ પરિસરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ, સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ કહ્યું છે કે જો વિપક્ષી સાંસદો માફી માંગે તો સરકાર સસ્પેન્શન પાછું ખેંચવા અંગે વિચાર કરવા તૈયાર છે. અગાઉ સંસદના ચોમાસુ સત્રમાં માત્ર ૨૮ ટકા જ કામ થયું હતું. આ દરમિયાન ગૃહમાં ૨૮ કલાક ૨૧ મિનિટનું કામકાજ થયું હતું અને હંગામાને કારણે ૭૬ કલાક ૨૬ મિનિટનું કામકાજ ખોરવાઈ ગયું હતું.

## ભારત એશિયાનાં સૌથી શક્તિશાળી દેશોની યાદીમાં ચોથા ક્રમે, ચીનનો પાવર ઘટ્યો

નવીદિલ્હી,તા.૬

એશિયામાં દેશોની સંબંધિત શક્તિને ક્રમ આપવા માટે સંસાધનો અને પ્રભાવના આધારે રેક્િંગ માપવામાં આવે છે. આ પ્રોજેક્ટ પાવરના હાલના વિતરણનો નકશો બનાવે છે જે તે આજે છે, અને સમય જતાં સત્તામાં થતા ફેરફારોને આધારે પણ માપવામાં આવે છે.

ભારત એશિયામાં મીડિયમ પાવરફૂલ દેશતરીકે સ્થાન ધરાવે છે. એશિયાના ચોથા સૌથી શક્તિશાળી દેશ તરીકે, ભારત ફરીથી ૨૦૨૧ માં મેજર પાવર થ્રેશોલ્ડથી થોડું ઓછું પડે છે.

તેનો સ્કોર ૨૦૨૦ ની સરખામણીમાં બે પોઈન્ટનો ઘટાડો થયો છે. ભારત ૨૦૨૧ માં તેના એવરેજ સ્કોરમાં નીચે તરફ ટ્રેન્ડ ધરાવતા અઢાર દેશોમાંનો એક દેશ છે. એવું આ અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

દેશ તેના ભવિષ્યના સંસાધનોના આધારે માપદંડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે, જ્યાં તે ફક્ત યુએસ અને ચીનથી જ પાછળ છે. જો કે, કોરોનાવાયરસ મહામારીની અસરને કારણે એશિયાની ત્રીજી-સૌથી મોટી અર્થવ્યવસ્થા માટે ગુમાવેલી વૃદ્ધિની સંભાવના ૨૦૩૦ માટે ઓછી આર્થિક સમૃદ્ધિ તરફ દોરી ગઈ છે, લોવી ઇન્સ્ટિટ્યૂટે આવું જણાવ્યું હતું. આર્થિક ક્ષમતા, લશ્કરી ક્ષમતા, સ્થિતિસ્થાપકતા અને સાંસ્કૃતિક પ્રભાવઃ ભારત અન્ય ચાર માપદંડોમાં ભારત ચોથા સ્થાને છે એક તો સંરક્ષણ નેટવર્કમાં ભારત ૭મા સ્થાન છે, જે તેની પ્રાદેશિક ડિફેન્સ ડિપ્લોમસીમાં પ્રગતિ દર્શાવે છે. ખાસ કરીને ક્વાડ સિક્યોરીટી ડાયલોગ જેમાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસનો સમાવેશ થાય છે.

## ગત ૨૪ કલાકમાં કોરોના કેસ ૮ હજારથી વધુ, ૫૫૨ દિવસ બાદ એક્ટિવ કેસની સંખ્યા સૌથી ઓછી

નવીદિલ્હી,તા.૬

ભારતમાં ઓમિક્રોનના મામલા વધી રહ્યા છે. ઓમિક્રોનની સંખ્યા વધીને ૨૧ થઈ ગઈ. ત્યારે કોરોનાના દૈનિક મામલામાં પણ ઉતાર ચઢાવ ચાલું છે. ગત કેટલાક દિવસથી રોજના કેસ ૧૦ હજારની નીચે આવી રહ્યા છે. હાલ દેશમાં કુલ ૩ કરોડ ૪૬ લાખ ૪૧ હજાર ૫૬૧ મામલા સામે આવી ચૂક્યા છે. આ સાથે સાજા થનારાની સંખ્યા તેજીથી આગળ વધી રહ્યા છે. દેશમાં મહામારીથી મરનારાની સંખ્યા ૪,૭૩,૫૫૫ થઈ ગઈ છે.

ગત ૨૪ કલાકમાં કોરોનાના ૮૩૦૬ નવા મામલા સામે આવ્યા છે. એટલે કે રવિવારની સરખામણીએ સોમવારે જારી આંકડામાં ૫૦૦ દર્દીઓનો ઘટાડો આવ્યો છે. આ દરમિયાન ૮૮૩૪ લોકો સાજા થયા છે. રાહતની વાત એ છે કે કોરોનાના કેસ ઓછા થઈ રહ્યા છે. ૫૫૨ દિવસમાં સૌથી ઓછા એક્ટિવ કેસ રહ્યા છે. કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૯૮,૪૧૬ છે. રવિવારે ૮૮૯૫ નવા મામલા સામે આવ્યા હતા. જ્યારે ૬૯૧૮ સાજા થયા હતા. બીજી તરફ દેશમાં ઓમિક્રોનના મામલા સતત વધી રહ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૨૧ મામલા આવી ચૂક્યા છે. જેને લઈને લોકોમાં ભયનો માહોલ છે. જો કે વિશેષજ્ઞોનું કહેવું છે કે ડરથી વધારે સતર્ક રહેવાની જરુર છે. ત્યારે બીજી તરફ કોરોનાના દૈનિક મામલા ગત કેટલાક સમયથી ૧૦ હજારથી ઓછા મામલા રહ્યા હતા. જો કે દેશના અનેક રાજ્યોમાં કોરોનાન મામલા ધીરે ધીરે વધી રહ્યા છે. દિલ્હી, બંગાળ, મહારાષ્ટ્ર, ગોવા સહિત અન્ય પ્રદેશોમાં કોરોનાના દર્દીની સંખ્યા વધી રહી છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં કોરોનાના નવા વેરિએન્ટ ‘ઓમિક્રોન’નો પહેલો મામલો સામે આવ્યો છે. સંક્રમિત દર્દી તાંજાનિયાથી પાછો ફર્યો હતો.

## ભાજપના સાંસદે સંસદ પરિષદમાં કેબિનેટ મંત્રીથી નારાજી વ્યકત કરી

નવીદિલ્હી,તા.૬

સંસદ પરિસરમાં ભાજપ સાંસદ અચાનક એ રીતે એક મંત્રી ઉપર નારાજ થઇ ગયા કે અન્ય સાંસદોએ તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો અને શાંત કર્યા હતાં.ભાજપ સાંસદ વૃજભૂષણ શરણ સિંહ સંસદ પરિસરમાં એક કેબિનેટ મંત્રીની પાસે ગયા અને તેમણે મંત્રી પર ગુસ્સે થઇ ગયા.સાંસદે મંત્રીને કહ્યું કે તેઓ છ વખત ચુંટણી જીતી ચુકયા છે અને તે કોઇનાથી ડરતા નથી ભાજપ સાંસદે મંત્રીને કહ્યું કે તે છેલ્લા ત્રણ મહીનાથી તેમને મળવાનો સમય માંગી રહ્યાં છે અને તમે અત્યાર સુધી તેના માટે એકવાર પણ સમય આપ્યો નથી



## તંત્રી સ્થાનેથી...

# ગેમિંગ વ્યસન એક બીમારી છે?



*તાજેતરના દાયકાઓમાં કમ્પ્યુટર્સની એક્સેસ નોંધપાત્ર રીતે વધી છે, અને કમ્પ્યુટર પર ગેમ રમતા બાળકોની સંખ્યામાં પણ વધારો થયો છે. લોકો આ દિવસોમાં પહેલા કરતા વધુ વ્યાપકપણે કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે, અને તે આપણા આધુનિક વિશ્વમાં એટલું વ્યાપક છે કે બાળકોને પણ રમતો રમવા માટે આ ઉપકરણોની એક્સેસ છે. આ નિબંધ યુવાનો દ્વારા કમ્પ્યુટર ઉપકરણો પર ડિજિટલ ગેમ્સ રમવાના ગેરફાયદા વિશે ચર્ચા કરે છે અને તેની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક પગલાં સૂચવે છે.*

*નાના બાળકો વિડિયો ગેમ્સ રમવાની પ્રતિકૂળ અસરોને લગતા, સૌથી વિનાશક એ આ ગેમ્સનું વ્યસન છે. કોમ્પ્યુટર ગેમ્સ બનાવવા માટે લાખો ડોલરનો ખર્ચ કરવામાં આવે છે જેથી તેઓ મોટી સંખ્યામાં પ્રેક્ષકોને આકર્ષે અને તેમને કોમ્પ્યુટર સ્કીન પર ચોંટાડી રાખે. તેથી તેઓ ડિઝાઇન દ્વારા વ્યસની છે. અને આ જુસ્સો બાળકોની આઉટડોર પ્રવૃત્તિઓ, અભ્યાસ અને સામાજિક બનાવવા અને મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો શીખવા માટેના સમયને અવરોધે છે. ઉદાહરણ તરીકે, ઘણા સંશોધન કાર્ય સૂચવે છે કે જે બાળકો દરરોજ કમ્પ્યુટર રમતો રમવામાં ઘણા કલાકો વિતાવે છે તેઓ શાળાઓમાં ખરાબ પ્રદર્શન કરે છે અને સામાજિક કાર્યક્રમો અને આઉટડોર પ્રવૃત્તિઓ ટાળે છે. તે નબળી દ્રષ્ટિ અને નિરાશા સહિત શારીરિક અને માનસિક સમસ્યાઓમાં પરિણમે છે. વધુમાં, હિંસક રમતો યુવાનોના નિર્ણયને ઢાંકી દે છે અને તેમના તર્કસંગત વિચારને અસ્થિર બનાવે છે. ઘણીવાર, હિંસક રમતો રમતા યુવાનો હિંસક વર્તન કરે છે. એક ઉદાહરણ ટાંકવા માટે, એક કમનસીબ ગોળીબારની ઘટના કે જેમાં ઘણા નિર્દોષ લોકોના જીવ ગયાનો દાવો કરવામાં આવ્યો હતો તે થોડા વર્ષો પહેલા એક કિશોર દ્વારા કરવામાં આવી હતી જે શૂટિંગ ગેમ્સના વ્યસની હતી.*

*સકારાત્મક અસરોના સંદર્ભમાં, કમ્પ્યુટર રમતો રમવાથી બાળકોની જ્ઞાનાત્મક કુશળતાનો વિકાસ થઈ શકે છે. ઘણી લોકપ્રિય રમતોમાં જીતવા માટે અમૂર્ત અને ઉચ્ચ સ્તરીય વિચારસરણીની કૌશલ્યની જરૂર હોય છે, જે કૌશલ્યો શાળામાં શીખવવામાં આવતાં નથી. ઉદાહરણ તરીકે, બાળકોએ સૂચનાઓનું પાલન કરવું, જટિલ સમસ્યાઓ હલ કરવી અને હાલમાં લોકપ્રિય છે તેવી ઘણી રમતોમાં તર્કનો ઉપયોગ કરવાની જરૂર છે. આવો અનુભવ બાળકની પુખ્ત વયની પ્રગતિ માટે ફાયદાકારક રહેશે.*

*જો કે, બાળકો દ્વારા કોમ્પ્યુટર ગેમ્સના વધુ પડતા ઉપયોગ અંગે ચિંતાઓ ઉભી કરવામાં આવી છે, આમાંની મોટાભાગની હિંસા તેમાં રહેલી હિંસા સાથે સંબંધિત છે. સમસ્યા એ છે કે ઘણી બધી રમતોમાં બાળકોને વધુ હિંસક બનવા બદલ પુરસ્કાર આપવામાં આવે છે અને આ હિંસાનું વારંવાર પુનરાવર્તન થાય છે. દાખલા તરીકે, ઘણી રમતોમાં બાળકો તેમના પાત્રને મારવા, લાત મારવા, છરા મારવા અને મારવામાં મદદ કરે છે. આનાથી આક્રમક લાગણીઓ, વિચારો અને વર્તનમાં વધારો થઈ શકે છે.*

*આ નકારાત્મક અસરોને ઘટાડવા માટે, માતાપિતાએ ચોક્કસ પગલાં લેવાની જરૂર છે. સૌપ્રથમ, કેટલીક વિડિયો ગેમ્સને તેમની સામગ્રી અનુસાર રેટ કરવામાં આવે છે, તેથી માતા-પિતાએ આ તપાસવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે તેમના બાળકોને અનુચિત રમતોની એક્સેસની મંજૂરી નથી. માતા-પિતા રમતો રમવાના સમયની મર્યાદા પણ સેટ કરી શકે છે. છેવટે, માતાપિતાએ પણ તેમના બાળકો જે રમતો રમી રહ્યાં છે તેમાં સક્રિય રસ લેવો જોઈએ જેથી તેઓ શોધી શકે કે તેઓ જે જોઈ રહ્યાં છે તેના વિશે તેઓ કેવું અનુભવે છે.*

*કમ્પ્યુટર ગેમ્સના ફાયદા છે, પરંતુ ગેરફાયદા પણ છે. જો કે, જો માતા-પિતા પૂરતી સાવચેતી રાખે, તો આ નકારાત્મક અસરોની ગંભીરતાને ટાળી શકાય છે.*

## ૩,૭૯૨ વિદ્યાર્થીઓ સાથે ૭૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ સાથે ૨૦ વિદ્યાર્થીઓને પી.એચ.ડી ડિગ્રી એનાયત

# ગણપત યુનિવર્સિટીનો ૧૫મો પદવીદાન સમારોહ સંપન્ન : મુખ્યમંત્રીશ્રીના હસ્તે પદવીધારકોને ડીગ્રી-મેડલ્સ એનાયત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગણપત યુનિવર્સિટીના ૧૫માં પદવીદાન સમારોહમાં ૩,૭૯૨ યુવા છાત્રોને પદવી અર્પણ તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને મેડલ્સ પ્રદાન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તમારી શક્તિ-નોલેજને સમાજ માટે ઉપયોગ કરશો, તો સમાજ પણ તમને બે હાથ ફેલાવીને આવકારશે.

તમે પ્રગતિ કરીને કેટલા ઉંચા બનો તે મહત્વનું નથી પરંતુ તમારા વ્યક્તિત્વની ઉંચાઇ કેટલી છે, તે મહત્વનું છે એમ તેમણે યુવા છાત્રોને પ્રેરક સંબોધન કરતાં જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, જે માટીમાં આપણે જન્મ લીધો, મોટા થયા ભણ્યા-ગણ્યા એ ભારત ભૂમિને સમ્રગ વિશ્વમાં પ્રતિષ્ઠા મળે તેવું રાષ્ટ્રહિતનું કામ સૌ વિદ્યાર્થીઓ કરશે તેવો વિશ્વાસ છે.

મુખ્યમંત્રીશ્રીએ વિધાર્થીઓને કેરીયર બનાવો, પૈસા કમાવો પણ રાષ્ટ્રહિત, રાજ્યહિત અને તમારા જ્ઞાનના પ્રકાશથી સમાજના છેવાડાના વ્યક્તિનું કલ્યાણ થાય, ઉન્નતિ થાય તેવો ભાવ દિલમાં હમેશાં રાખવાનું આહ્વાન પણ કર્યું હતું.

ઉત્તર ગુજરાતની ધરાના પનોતાપુત્ર અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્ઞાન શક્તિથી રાષ્ટ્ર નિર્માણનો મંત્ર આપ્યો છે તેમ કહી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આત્મનિર્ભર ભારત, જ્ઞાન સમૃધ્ધ ભારત, નોલેજ બેઇઝડ ઇકોનોમીમાં ભારતે લીડ લેનારા જગદગરૂ ભારતના પ્રધાનમંત્રીશ્રીના સપનાને નવ યુવાનો સાકાર કરે તેવું આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્ઞાન શક્તિ-નોલેજ પાવરમાં આપણો યુવાન વર્લ્ડ કોમ્પીટીટર બને તે માટે ગુજરાતમાં વર્લ્ડ ક્લાસ એજ્યુકેશનની ૯૦ થી વધુ વિવિધ યુનિવર્સીટીઓની સુવિધા આપી છે.

પદવીદાન સમારંભમાં ડિગ્રી-શિક્ષા—દિશા પ્રાપ્ત કરનાર ૩,૭૯૨ યુવાનોને તેમના સુવર્ણ ભવિષ્ય માટે અભિનંદન પાઠવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો યુવાન વિશ્વ સાથે આંખમાં આંખ મિલાવી વાત કરવા સજ્જ થાય તેવી ઉત્તમ શૈક્ષણિક સુવિધા આ યુનિવર્સીટીએ પુરી પાડી છે.

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત આપણો સંકલ્પ છે, તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તમે સૌ એવા સમયે જ્ઞાન-કૌશલ્યથી સજ્જ થઇને સમાજમાં પદાર્પણ કરી રહ્યા છે, જે સમયે આપણા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતમાતાને વિશ્વગુરૂ બનવાની દિશામાં પ્રયાણ કરી રહ્યા છીયે. આપણી શક્તિ અને આવડતથી ભારતને જગદગુરૂ અને આત્મનિર્ભર બનાવની દિશામાં બહુ મોટું યોગદાન આપી શકવા યુવાશક્તિ સક્ષમ છે તેમ તેમણે ઉમેર્યુ હતું. કોઇ વ્યક્તિને નિષ્ઠા, તપસ્યા અને દિધર્દ્રષ્ટી કેવા પરીણામ આપી શકે છે તેનું ઉત્તમ દષ્ટાંત ગણપત યુનિવર્સીટી છે તેવુ કહી કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાએ પદવી મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કેન્દ્રિયમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આપણા રાજ્યમાં સરદાર પટેલનું સ્વપ્ન વલ્લભ વિધાનગરના નિર્માણથી સાકાર થયુ છે તેવું બીજુ એક સંકુલ ગણપતયુનિવર્સીટી છે. રાજ્યમાં નર્મદા થકી સિંચાઇની સુવિધામાં વધારો થયો છે જેથી આગામી સમયમાં ગુજરાત રાજ્યની કૃષિ ઉત્પાદન શક્તિમાં આઠ ટકાથી વધુ વધારો થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

નેનો ટેકનોલોજીની વિસ્તૃત વાત પોતોની આગવી શૈલીમાં કરતાં કેન્દ્રિયમંત્રીએ ઉમેર્યું હતું કે કૃષિક્ષેત્રે યુરિયા ખાતરનું નેનો ટેકનોલોજીથી નિર્માણ કરનાર ભારત પ્રથમ દેશ બનશે. ગુજરાત અમુલ ડેરી જેવી સંસ્થાના કારણે દુધ ક્ષેત્રે વિશ્વમાં નેતૃત્વ કરી રહ્યું છે. શિક્ષણક્ષેત્રે ટેકનોલોજી અનુંસાર ફેરફાર પણ જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જ્ઞાન શક્તિ સાથે સેવાની ભાવના સાથે કામ કરવા જણાવ્યું હતું. નવી દિશા, નવી ઉડાનની દિશામાં કામ કરવા તેમણે અપીલ કરી હતી.

મંત્રી શ્રી રાઘવજીભાઇએ જણાવ્યું હતું કે પોતોના વતન પ્રેમ અને બાળકોને ઉત્તમ શિક્ષણની સુવિધા મળી રહે તેવો ઉમદા ભાવ ગણપતભાઇ પટેલ જેવા સમાજ શ્રેષ્ઠીગણમાં છે. તેમને આ યુનિમાં શિક્ષણની તક મળી છે જે માટે અભિનંદન પાઠવી યુવાનોને નવી ઉત્સાહ સાથે આગળ વધવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે યુવાનોએ સ્વામિ વિવેકાનંદના વિચારો સાથે આગળ આવવા અપીલ કરી હતી.

ગણપત યુનિવર્સીટીના વડા અને મુખ્યદાતાશ્રી ગણપતભાઇ પટેલે જણાવ્યું હતું કે આ સરકારના શાસનમાં ખુબ ઝડપી કામ થઇ રહ્યા છે.આ સંસ્થાને નર્સિંગ અને કૃષિ અભ્યાસક્રમ માટેની મંજુરી માત્ર દશ દિવસમાંજ સરકારે આપી છે.ગુડ ગર્વનસની છબી આ સરકારે મારા મનમાં ઉભી કરી છે.જેટલી ઝડપી મંજુરી મળી છે તેટલા ઝડપી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં માત્ર ગણપત યુનિવર્સીટીમાંજ ૫ જી પ્રોજેક્ટના




સંશોધનની મંજુરી સમગ્ર દેશમાં આ યુનિવર્સીટને મળી છે જેનું ગૌરવ છે

ડિગ્રી અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર સર્વે વિધાર્થીઓને અભિંદન પાઠવી તેમણે જણાવ્યું હતું કે આપનામાં રહેવા જ્ઞાનનો ઉપયોગ સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે કરજો. જીવનમાં જ્ઞાન સાથે એક સારા વ્યક્તિત્વની છાપ ઉભી કરી મનમાં હમેશાં સંવેદના રાખવા જણાવ્યું હતું.

ગણપત યુનિ.ના આ ૧૫માં પદવીદાન સમારંભમાં કુલ ૩,૭૯૨ વિદ્યાર્થીઓ વિવિધ જ્ઞાન-શાખાઓમાંથી પોતાનો અભ્યાસક્રમ પૂરો કરી ડિગ્રીઓ મેળવી હતી. જેમાં ૨,૬૮૪ વિદ્યાર્થીઓનો અને ૧૧૦૪ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે.આ અવસરે તમામ જ્ઞાન-શાખાઓમાં શ્રેષ્ઠતા હાંસલ કરી પોતાનું સ્થાન અગ્રણી વિદ્યાર્થી તરીકે સ્થાપિત કરનારા ૭૮ જેટલાં વિદ્યાર્થીઓને “ગોલ્ડ મેડલ” એનાયત કરાયા હતા, જેમાં ૩૭ જેટલી વિદ્યાર્થીનીઓનો પણ સમાવેશ સમાવેશ થાય છે.

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ તેમજ પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ,જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ, ધારાસભ્ય સર્વે શ્રી રમણભાઇ પટેલ, કરશનભાઇ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઇ પરમાર, યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ અને પ્રો ચાન્સેલર પ્રો.ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા સહિત આમંત્રિત મહાનુભાવો, ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ શાળા-કોલેજના આચાર્યશ્રીઓ, ફેકલ્ટી-ડીન, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ્સ, ફેકલ્ટી-મેમ્બર્સ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુંબઈના ધારાવીમાં ઓમિક્રોન વાઈરસનો ભય ફેલાયો : પાલિકા સતર્ક

મુંબઈ, તા.૦૬

મહાનગર મુંબઈમાં ઓમિક્રોનના ૧૭ શંકાસ્પદ દરદીઓની ભાળ લાગી છે. આમાંના ૧૩ જણા પ્રવાસીઓ છે. જયારે બાકીના ચાર તેમના કોન્ટેક્ટ્સ (સંપર્કમાં આવેલી વ્યક્તિઓ) છે. સમગ્ર રાજ્યમાં આરોગ્ય ખાતાના એક અધિકારીએ જણાવ્યું હતું.મુંબઈના ધારાવી વિસ્તારમાં ઓમિક્રોનો ભય ફેલાયો હોવાનું જાણવા મળ્યું છે. કારણ કે આ ઓમિક્રોન વાઈરસ સંસર્ગ ખૂબ જ ઝડપથી પ્રસરે છે. ધારાવીની સાંકડી ગલ્લી અને ગીચ વસતિ ધરાવતી ઝૂંપડપટ્ટી હોવાથી અહીં ઓમિક્રોનનો ભય ફેલાયો છે. ટાન્ઝાનિયાથી આવેલો એક વ્યક્તિ ધારાવી આવ્યો હતો અને કોરોના પોઝીટીવ મળી આવતાં તેને અંધેરીની સેવન હિલ્સ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. તેનાં લીધેલા નમૂનાનો જીનોમ સિકવન્સિંગ અહેવાલની પ્રતીક્ષા મુંબઈ મહાનગરપાલિકા કરી રહી છે. મેયર કિશોરી પેડણેકરે જણાવ્યું હતું કે ટાન્ઝાનિયાથી આવેલો એક વ્યક્તિ ચેન્નાઈનો વતની છે પણ તે મુંબઈ એરપોર્ટ ઉતર્યા બાદ ધારાવીમાં ગયો હતો અને ત્યાં ત્રણ જણનો સંપર્ક સાધ્યો હતો એમ મેયરે જણાવ્યું હતું. આ ટાન્ઝાનિયાથી આવેલો પ્રવાસી અને ધારાવીમાં રહેતા ત્રણ જણના સંપર્કમાં આવેલા લોકોના ટેસ્ટ કરાયા છે. તેઓનો અહેવાલ આવવાનો બાકી છે. ઉલ્લેખનીય છે કે કોરોનાની મહામારી લાગુ પડતાં ધારાવીની ગીચ વસતિ અને ઝૂંપડપટ્ટીને લીધે મુંબઈમાં કોરોના વકરશે એવો ભય સેવાતો હતો. પરંતુ પાલિકાએ લીધેલા પગલાંને લીધે ધારાવીમાં કોરોનાની બીમારી નિયંત્રણમાં રહી હતી. વધારાના પાલિકા કમિશનર સુરેશ કાકાણીએ કહ્યું હતું કે ડોમ્બિવલીમાં મર્ચન્ટ નેવીનો એક એન્જિનિયર કોવિડના ઓમિક્રોન ટેસ્ટમાં પોઝિટિવ જણાયો છે.

# કોરોના વિરોધી રસી ઝુંબેશમાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર : મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ




અમદાવાદના એસ.જી.હાઈવે સ્થિત ઝાયડસ કોર્પોરેટર પાર્ક ખાતે ×ટુ ગેધર વી ?ફલાય× જાહેર કલાકૃતિને ખુલ્લી મુકતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં રસીકરણ ઝુંબેશમાં ગુજરાત અગ્રેસર છે? અને અત્યાર સુધી સમગ્ર રાજ્યમાં સાડા સાત કરોડથી વધારે ડોઝ અપાઇ ચૂક્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના સામેની લડાઈમાં થાક્યું હતું ત્યારે ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં મક્કમતાથી મુકાબલો કર્યો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગૌરવભેર જણાવ્યું હતું કે, આજે જે ભૂમિ પર થી હું વાત કરી રહ્યો છું તે જ ભૂમિ પર કોરોના વિરોધી સ્વદેશી વેક્સિન વિકસાવવામાં આવી છે જેનોઆપણને સૌને ગર્વ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે , ×ટુ ગેધર વી ફલાય ×નો સંદેશો દર્શાવે છે કે આપણે નાના પ્રયાસોથી મોટા પરિવર્તનો આણી શકીએ છીએ.આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ કોવીડ કાળમાં આપદ ધર્મ તરીકે ફરજ બજાવનારા તબીબો અને આરોગ્યકર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે તબીબો અને આરોગ્ય કર્મીઓની પીઠ થાબડતા કહ્યું કે તબીબો અને આરોગ્ય કર્મીઓની સમર્પિત ભાવના કારણે જ કોરોનાને કાબુમાં રાખવામાં આપણને સફળતા પ્રાપ્ત થઇ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિશ્વાસપૂર્વક કહ્યું કે ×હારશે કોરોના, જીતશે ગુજરાત× નો સંકલ્પ આપણે સૌ સાથે મળીને સાકાર કરીશું.

આ અવસરે ઝાયડસના શ્રી પંકજભાઈ પટેલે જણાવ્યું હતું કે , અમારી કંપની દ્વારા હંમેશા સામાજિક દાયિત્વ અને પ્રાથમિકતા આપવામાં આવી છે. અને કોવીડ કાળમાં પણ અમે સામાજિક દાયિત્વ નિભાવ્યું છે. તેમણે કહ્યું કે કોવીડ કાળમાં જરૂરી દવાઓ ગુજરાત અને ભારતમાં ઉત્પાદિત થઈ છે જે ભારતીય પ્રતિભા દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે પંદર હજાર જેટલી અનન્ય અભીવ્યક્તિ સાથેની આ ટુ ગેધરવી ફલાય કલાકૃતિ ૨૬૨ ફૂટ પહોળી અને ૮૫ ફૂટની ઊંચાઈ ધરાવે છે, જે ઝાયડસ ગ્રુપના આઇકોનિક કોર્પોરેટ પાર્કની બાહ્ય દિવાલ પર મૂકવામાં આવી છે.

ઝાયડસ પ્રમોટર્સ કુટુંબના કલામર્મજ્ઞ ડિઝાઈનર અને ઉદ્યોગ સાહસિક શ્રીમતી મેહા પટેલ અને કોરોના કવીલ્ટપ્રોજેક્ટ ના ફાઉન્ડર શ્રીમતી દિયા મહેતા ભોપાલ અને શ્રીમતી નેહા મોદી દ્વારા આ વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં શહેરના જાણીતા ઉદ્યોગપતિશ્રીઓ અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપને મોંઘવારી હવે ડાયન નહીં,ભૌજાઈ અને મહેબુબા નજરે પડી રહી છે : તેજસ્વી યાદવ

દેશમાં વધતી મોંઘવારી અને પેટ્રોલ ડીઝલના ભાવને લઈ એક ટીવી કાર્યક્રમમાં રાજદના નેતા તેજસ્વી યાદવે ભાજપ અને મોદી સરકાર પર ભારે પ્રહારો કર્યો હતાં અને અનેક વ્યંગબાણ છોડયા હતાં.

તેજસ્વી યાદવે કહ્યું કે ભાજપના લોકોને હવે મોંઘવારી ડાયન નહીં,ભોજાઇ અને મહેબુબા નજરે પડી રહી છે આ મુદ્દા પર કોઇ સવાલ જવાબ કરવા માંગતા નથી.તેમણે કહ્યું કે ભાજપના લોકો મોંઘવારીને યોગ્ય ગણાવી દે છે અને દરેક વસ્તુનો રાષ્ટ્રહિત અને હિન્દુત્વના મુદ્દાથી જોડી દેવામાં આવે છે.

તેજસ્વી યાદવે કાર્યક્રમમાં કહ્યું કે બિહારમાં આજે પણ મોંઘવારી અને બેરોજગારી સૌથી મોટો મુદ્દો છે.તેમણે રાજયમાં ગરીબી અને કુપોષણ ના મુદ્દાને લઈ કહ્યું કે ૯૭ ટકા દલિત,નાળા સાફ કરે છે રિક્ષા ચલાવે છે કચરો ઉપાડે છે જાતિગત વસ્તી ગણતરી બાદ તેમના માટે વિશેષ યોજનાઓ બનાવી ગરીબીને દુર કરી શકાય છે.

તેજસ્વી યાદવે જાહેરાત કરી કે આગામી વર્ષ માર્ચ મહીનામાં બિહારમાં સૌથી મોટી બેરોજગાર રેલી કરશે.જેથી સરકાર પર લગભગ સાડા પાંચ લાખ ખાલી પદોને ભરવા માટે દબાણ બનાવી શકાય

તેમણે જાતીગત વસ્તીની જરૂરત બતાવતા કહ્યું કે જો વૃક્ષ અને ઝાડ અને જાનવરોની ગણતરી થઇ શકે છે તો જાતિઓની ગણતરી કરવામાં શું મુશ્કેલી છે.જો ભારત સરકાર દેશભરમાં જાતિગત વસ્તી ગણતરી ન કરાવે તો બિહાર સરકાર પોતાના ખર્ચ પર આમ કરાવશે તેજસ્વી યાદવે કહ્યું કે તેના માટે વિધાનસભામાં પ્રસ્તાવ પણ પસાર કરી દેવામાં આવ્યો છે અને નીતીશકુમાર પણ તેના માટે તૈયાર છે. જયારે રાહુલ ગાંધી અને કોંગ્રેસથી રાજગના સંબંધોને લઇ તેજસ્વી યાદવે કહ્યું કે અમે તેમને કેન્દ્રમાં સમર્થન આપીએ છીએ અને બિહાર પેટાચુંટણીમાં એકલા લડવાનો નિર્ણય તેમનો જ હોત જયારે મમતા બેનર્જીના યુપીએને લઇ આપેલ નિવેદન પર તેમણે ટીપ્પણી કરવાનો ઇન્કાર કરી દીધો તેજસ્વી યાદવે કહ્યું કે જો દક્ષિણ ભારતમાં ભાજપ નથી તો તેનું સૌથી મોટું કારણ ક્ષેત્રીય પક્ષ છે.

તોમણે કહ્યું કે ભાજપનો હરાવવા માટે મજબુત ક્ષેત્રીય પાર્ટીઓને ડ્રાઇવિંગ ફોર્સ બનાવવાની જરૂરત છે દેશભરમાં ૨૦૦ બેઠકો એવી છે જયાં સીધો મુકાબલો ભાજપ અને કોંગ્રેસની વચ્ચે છે.વર્ષ ૨૦૨૪માં વડાપ્રધાન મોદીને કોણ પડકાર આપશે તેવા સવાલના જવાબમાં તેજસ્વી યાદવે કહ્યું કે તેમણે જનતા જ પડકાર આપશે

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે 'વીર સાવરકર' ધ મેન હુ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટીશન પુસ્તકનું વિમોચન કર્યું



મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી ઉદય માહુરકર અને લેખક શ્રી ચિરાયુ પંડિત દ્વારા લિખિત ‘વીર સાવરકર‘×ધ મેન હુ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટીશન(The Man Who Could Have Prevented Partition)" પુસ્તકનું વિમોચન કર્યું હતું.

પુસ્તકનું વિમોચન કર્યા બાદ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાષ્ટ્ર પુરુષ વીર સાવરકર શસ્ત્ર અને શાસ્ત્ર બંનેના ઉપાસક હતા.મુખ્યમંત્રીશ્રીએ વીર સાવરકરને બહુમુખી પ્રતિભા સાથેની જીવંત યુનિવર્સિટી હોવાનું કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વીર સાવરકર ના વીરતાના કિસ્સા લોકો સમક્ષ રજૂ કરતા કહ્યું કે, શહીદ વીર વીર સાવરકર દ્વારા ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને આઝાદ ભારત માટેની પ્રથમ લડત હોવાનું ગણાવવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીને ‘આઝાદીકા અમૃત મહોત્સવ‘ અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રાષ્ટ્ય પુરુષ વીર સાવરકર ઉપર લખાયેલ આજનું પુસ્તક પણ મહત્ત્વનું બની રહેશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ વીર સાવરકરની સંઘર્ષ યાત્રા અને સ્વતંત્ર ભારતની ચળવળમાં તેમના અતિ મહત્વના યોગદાનને ભાવિ પેઢી સમક્ષ મુકવા માટે અંદમાન- નિકોબાર એરપોર્ટ ને વીર સાવરકર એરપોર્ટ નામ આપવામાં આવ્યું છે.

અત્રે નોંધનીય બાબત છે કે,શહીદ વીર સાવરકર દ્વારા મા ભોમની રક્ષા કાજે શરૂ કરેલ સ્વાતંત્ર્ય ચળવળ બદલ અંગ્રેજો દ્વારા તેમને બે વખત જન્મટીપની કરવામાં આવી હતી.

વીર સાવરકર ઉપરાંત શહીદ વીર ભગતસિંહ,ચંદ્રશેખર આઝાદ, જેવા સ્વાતંત્ર સેનાનીઓના બલિદાનને ભાવિ પેઢી યાદ કરે, તેમની શૌર્યગાથાઓ ભાવિ પેઢી સમક્ષ રજુ થાય તે માટે આ પ્રકારના પુસ્તકો અતિ મહત્વના હોવાનું મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

પુસ્તક વિમોચન પ્રસંગે સ્વતંત્ર સેનાની વિનાયક દામોદર સાવરકર ના જીવન ચરિત્રને રજુ કરતી દ્રશ્ય-શ્રાવ્ય ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

કેન્દ્રીય માહિતી કમિશનર અને વીર સાવરકર પુસ્તકના મુખ્ય લેખક શ્રી ઉદય માહુરકરે આ પુસ્તક વિષે વિસ્તૃત માહિતી રજૂ કરી હતી.

તેમણે ભારતના વિભાજનને રોકવામાં વીર સાવરકર ના વિચારો અને પ્રયાસોથી ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા.

વીર સાવરકર પુસ્તક વિમોચન પ્રસંગે પૂજ્ય સ્વામી પરમાત્મા નંદ સરસ્વતીજી,લાયન્સ કલબ પાસ્ટ ઈન્ટરનેશનલના ડાયરેક્ટર શ્રી પ્રવીણ છાજેદ, ડીસ્ટ્રીક ગવર્નર શ્રી જગદીશ ચંદ્ર અગ્રવાલ, અગ્રણી શ્રી જયંતીભાઈ ભડેશીયા ઉપસ્થિત રહ્યા હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS. NO .0095**

વિષય :-- પ્રકૃતિ સાથે યાદગાર પ્રવાસ

પ્રકાર :-- ગદ્ય

શીર્ષક:-યાદગાર પ્રવાસની મજા

જેને સંગીત ગમતું હોય એને પ્રવાસમાં અમુક જગ્યા વિશેષ ગમી જાય અને એમ થાય કે ક્યારેક સપનામાં વિચાર્યું હતું એવી મજા આ પ્રવાસમાં આવી. મને યાદ છે.

એક મસુરીનો પ્રવાસ , આમ તો મસૂરી એ પહાડોની મહારાણી કહેવાય ત્યાંના લોકો એને હિન્દીમાં પહાડીઓની મહારાણી કહે. એ મસૂરીનાં રસ્તે જ્યારે અમે જતા હતા ત્યારે પહાડી રસ્તાની આસપાસ પાણીનાં ખળખળ વહેતા ઝરણાં જેમાંથી પાણીનાં નાના ધોધ વહેતા હોય અને એ નીચેના ઝરણામાં પડે, મારાથી ડ્રાઇવરને કહેવાઈ ગયું કે ધીરે ચલાવોને આ સંગીત માણવું છે પણ પહાડી પર ચડતી વખતે કે ઉતરતી વખતે એ શક્ય ના બને પણ છતાં ચાલતી બસમાં એ ઝરણાથી વહેતા સંગીતમય ધોધને માણવાની મજા આવી અને ત્યારબાદ ઉપર પહોંચ્યા અને જાણે વાદળ વહાલ કરી આગળ જાય એવું વાતાવરણ ! ખુશનુમા ઠંડી અને આસપાસ વાદળ ,બોલીએ તો મોઢામાંથી નીકળે વાદળ અને નીચે નજર કરીયે તો તળેટીમાં વાદળ બસ એમ થાય કે,બસ બે કે ત્રણ દિવસ આ જ વાતાવરણમાં રહીએ તો મજા આવી જાય માત્ર શરીરનો નહિ પણ મન હૃદયનો પણ થાક ઉતરી જાય. આમ પણ કુદરતની કમાલ હોય છે બસ મન તરબતર કરી દે એવી મૌસમની ધમાલ હોય છે.

વહેતા ઝરણાં અને નાની મોટી ઊંચાઇએથી પડતા ધોધમાં ગજબનું સંગીત હોય છે ,વહેતા ઝરણાંમાં સંગીત વહેતુ હોય છે અને એ સાથે મંદ મંદ હવામાં પંખીઓના કલરવ જાણે દુનિયાના સંગીતકાર ઈશ્વરના ગીતો ગુંજતા હોય! પણ કરુણતા એ હોય છે કે આ વાતાવરણ અને કુદરતની લીલા જે માણી શકે એ જ માણે પણ અમે તો માણ્યું મન ભરીને.

એવું નથી કે આ વાતાવરણની મજા ઉત્તરમાં જ હોય આપણા મલક ગુજરાતમાં પણ અમે માણી ,નર્મદાના કાંઠે બારેમાસ વહેતી પવિત્ર નદી અને એની આસપાસ ધર્મ અને આધ્યાત્મિક વાતાવરણ. એ મજા પણ અમે લીધી છે એક તરફ વહેતી નદી હોય અને બીજી તરફ ઘટાદાર વૃક્ષોની હારમાળા હોય અમે તો એના છાંયડે પણ મોજ માણી અને એવી મજા અમે રાતની માણી કચ્છના સફેદ રણમાં એમ લાગે કે આખા રણમાં જાણે ચંદ્રએ ચાંદની પાથરી દીધી છે.......

પ્રવાસ માત્ર ફરવા માટે જ ના કરાય પણ જાણવા અને માણવા માટે કરાય કુદરતની લીલામાં ખોવાઈ જવા માટે કરાય. બસ કોઈ પણ દવા વગર કુદરતના સાનિધ્યમાં દર્દની પીડા ભૂલવા અને રોગ મુક્ત થવા કરાય.

વહેતા ઝરણાં, ધોધ,હવામાં ખળખળ થતા વૃક્ષના પાંદડા અને એ સાથે જ પંખીઓનો કલરવ માણો તો લાગે સંગીત કોઈ જુદા સૂરોમાં રેલાય છે કદાચ આ પંખીઓ એ માણતા જ કિલ્લોલ કરતા હશે અને એટલે જ રચાતું હશે સંગીત.

આવા પ્રવાસો એટલે મારા યાદગાર પ્રવાસો.

દીપિકા ચાવ

---

**NOG SS NO.0081**

વિષય : પ્રકૃતિ સાથે પ્રવાસ

પ્રકાર : ગદ્ય

શીર્ષક : મરુભૂમિની મીઠી યાદો

મોરની બાગામા બોલે આધી રાતમાં...
ફિલ્મ લમ્હેનાં આ સુંદર નૃત્ય ગીતે એ રણને જોવાની તાલાવેલી જગાડી.

લીલોતરી ઓછી વત્તી બધે જ જોવા મળે પણ આવું અફાટ રણ, તેમાં કુદરતી રીતે સર્જાતા રેતીનાં ટીલાં જોવાં તો જેસલમેર જવું પડે.

જોધપુરથી જેસલમેર પહોંચતા રસ્તે બંને બાજુ અધધ પવનચક્કીઓ જોઈ જે ખૂબ મોટાં પ્રમાણમાં
વીજળી ઉત્પન્ન કરે છે. સોનેરી ઝાંયવાળા પીળા ખડક અને માટી પથરાયેલાં હોવાથી એક અનોખાં પ્રકારની શોભા હતી એ પ્રદેશમાં.

પનિહારીઓની જુદી જુદી ટોળીઓ અને આંખોમાં વસે એવાં રંગબેરંગી પરિવેશમાં એમનાં ચમકતાં બેડા અને મલપતી ચાલ .

વચ્ચે વચ્ચે મોર દર્શન દઈ પ્રકૃતિ સંગ હોવાની યાદ આપતાં હતાં.હોટલમાં બે હારમાં સુંદર તંબૂઓ અને વચ્ચે આ બળબળતા રણમાં સુંદર ફૂલોનાં છોડ. તંબૂમાં દરેક સુવિધાઓ સહ સુંદર પારંપરિક સુશોભન.

રેતીનાં ટીલામાં જીપ દ્વારા સફર કરવા દોડ્યાં.અફાટ રણમાં પવન દ્વારા રેતી સ્થળાંતર થઈ ટીલાં બનાવી દે તો બીજે ખાડો.આવા વિરોધાભાસી જમીનસ્તર પર જીપમાં પ્રવાસ એટલે પેટમાંથી આંતરડા બહાર આવી જાય તેથી ચારેકોર ચીસાચીસ.

ત્યાં જ વચ્ચે થોડી સપાટ જગ્યાએ ઊતરી ફોટા પાડવા વિરામ અપાય પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા ઘૂંટણભર રેતીમાં ચાલવું દુષ્કર લાગે એટલે એકાદ ફોટો પાડી પાછાં. રેતીમાં ઈશ્વરની ભાત જોઈ અભિભૂત.

ઊંટની સવારી પણ ડરતાં કરી કે એનાં તો અઢાર વાંકા ,આપણને એક વાંકું પરવડે ખરૂં !એક ઊંચાણવાળી જગ્યાએથી રમણીય સૂર્યાસ્ત જોયો અને માણ્યો. ગરમાગરમ વાળુ બાદ રાજસ્થાની લોકનૃત્યને ખુલ્લાં આકાશ નીચે માણ્યું.સગડીની હૂંફ ,ગરમાગરમ ચા- ભજીયાં વાહ. નિંદ્રાધીન થવા સુધી એ તાલબદ્ધ નૃત્ય મનમાં રમી રહ્યું.સવારે પંખીઓ જાણે પથારીમાં બોલતાં હોય એટલી નિકટતાનો અનુભવ થયો તંબૂમાં. આગળ હોટલનાં આંગણાંમાં પાંચ સાત અતિ રૂપાળાં મોર ચરવા આવ્યાં હતાં.એ એટલાં માનવ હેવાયા હતાં કે આપણાં હાથમાંથી પણ ચણ લેવા આવે.યાદગીરી તરીકે પીળો પાણો લીધો જે આજે ય યાદોને તાજી કરી દે છે. જોધપુર આવી કેર- સાંગરીના શાકની લહેજત માણી.દિવસભરમાં વિવિધ હવેલી જોઈ. સાંજે વ્યાસ છત્રી નામની જગ્યાએ વિવિધ રાજાઓની ખાંભી જોઈ જે આરસપહાણની અનુપમ કારીગરીથી બેનમૂન બની ગઈ છે.અનેક ફિલ્મોમાં એનો સમાવેશ છે. ત્યાંથી રણનો બીજો એક સૂર્યાસ્ત માણ્યો અને જેસલમેરનું વિહંગાવલોકન કર્યું.ગડીસર લેકની મુલાકાત પણ યાદગાર રહી જે એક સરોવરમાં સુંદર સ્થાપત્ય છે.

આ સમગ્ર પ્રવાસ પૂર્વજો વિશે સન્માન જ ઉપજે એવો હતો પણ આ બધાંને સ્વચ્છ ન રાખી શું આપણે એને લાયક છીએ એ યક્ષપ્રશ્ન કનડી રહ્યો.મરુભૂમિને વંદન.

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

---

**NOG SS NO - 0050**

વિષય - પ્રકૃતિ સાથે પ્રવાસ

પ્રકાર - ગદ્ય

શીર્ષક - અનેરો આનંદ.

... મનગમતાં સ્થળની મુલાકાત લઈ કુદરતનાં સાનીધ્યમાં જઈને સૌંદર્યને માણવું. આત્મસાત કરવો નોંધપોથીમાં
કંડારવુ. પ્રકૃતિનાં સાનિધ્યમાં સુશ્રુત આનંદ વિભોર બનવું આભ ને અવની ને ગળે મળે એ મિલન નિહાળી કૃતજ્ઞ થવું. પુષ્પ ચમનનાં વસંત આગમનથી પ્રકૃતિ મહેંકી ઉઠશે મહામૂલ્ય વારસો આપણો પ્રકૃતિનો. અવની હરિયાળી જ લાગે પ્રકૃતિનાં ખોળે વહેતાં ઝરણાં નિહાળવા પહાડેથી રૂમઝૂમ વહેતી નદીઓ . શબ્દોમાં સુવાસ પ્રસરે ધરતીની સોડમે સારસ્વતબ્રહ્મ ધબકતાં એવો અનેરો આનંદ મને થવા લાગ્યો.

જ્યારે (સસરાજી) પપ્પાજી એક કૈલાસ ટેકરી પર આપણી ઘરેથી "અંબાજી" "દેવી ભાગવત" રાખવાનું છે . એવું કહ્યું કે ચલો તૈયારી કરવાં માંડો. બેગો ભરવાં માંડો. સૌથી પરિચિત અંબાજી ધામ સુંદરતા અગ્રણ્ય ૧૧ દિવસ પ્રકૃતિની સાનિધ્યમાં વિતાવવાના છે .ધાર્મિક કાર્યક્રમ બધી તૈયારી વરજી અને સસરાજીએ કરી લીધી હતી??. દરરોજ સવારે જઈને બેસવાનું હતું, હાજરીપુરવાની હતી અને સૌંદર્યને માણવાનો હતું.

પરિવાર સહિત દેવી ભાગવત માણવાનો અનેરો આનંદ લઈએ હિલ્લોળા લેતો બધાં સાથે રહેવાનો અને પ્રભુ ભજનમાં ગાળવાનો સમય. મારામાં રહેલી અનેરી કળા જે કાઈપણ વસ્તુ માંથી ભગવાનની આરતી ડેકોરેશન કરવાનું અને આખો દિવસ દેવી ભાગવત સાંભળવાની અનેરી ખુશી સાથે સાંજે સમાપ્તિ વખતે સંધ્યા આરતી માટે આતુર કે હું કેવી આરતી ડેકોરેશન કરી હશે એ "મહા મંડલેશ્વર માધવાનંદ ગીરીજી સ્વામી" પણ આતુર રહેતી. પ્રકૃતિ સાથેની સાનીધ્યતાથી અતિ આનંદ ઉરમાં વહેતો. માતાજીનાં દર્શને વહેલી સવારે જવું, સુગંધી ફૂલો લાવવાં અને પ્રકૃતિનાં ખોળે ઉગતો ભાનું ને અસ્ત થતો સૂર્યને નિહાળવું. કેટલું રમણીય. મારું મૌન લય, તલ અને શબ્દનાં સંગે નાચી ઉઠ્તુ. પ્રકૃતિ સાથે વાર્તાલાપ કરતી તાલમેલ સાધી સુશ્રુત તેમાં અવાક થઇ ડૂબી જતી. સાનભાન ભૂલીને કરી માયા પડળની અનાવૃત્તિ અમર સંસ્કૃતિ હૈયે જોડી દેવાય પ્રાણને પ્રકૃતિને. અસીમ તૃપ્તી થાતી મને. અનેરો આનંદનો પ્રવાસ ક્યારેય નહીં ભૂલી શકું. મારાં મંદિરનાં કોડિયામાં એક ઠેકાણે કંડારી લોક કરું. ત્યારે મારી નજર સમક્ષ આવી જાય છે પૂર્ણ પ્રવાસ પ્રકૃતિનો..!

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

---

**NOG NO. : 0064**

વિષય : પ્રકૃતિ સાથે પ્રવાસ

પ્રકાર : પદ્ય

શીર્ષક : એવા ગિરનારને સહુ નમે

પહાડોની હારમાળા વચ્ચે,
અડગ અડીખમ ગઢ ગિરનાર.
પ્રકૃતિ જેને ખોળે રમે,
એવા ગિરનારને સહુ નમે.
અલખ, અઘોરી, અવધૂત,
ગુરુદત્તને નમે ગોરખ ટૂંક.
શિવની આસ્થામાં સહુ ભમે,
એવા ગિરનારને સહુ નમે.
રજે રજ અને કણે કણમાં,
જીવંત શિવ ભળે જીવમાં.
દેરીએ દેરીએ જ્યાં શીશ નમે
એવા ગિરનારને સહુ નમે.
ઝરણાંનાં ખળભળાટ, પક્ષીના કલબલાટ,
સિંહની ગાજતી ડણક વચ્ચે પણ,
અપાર શાંતિ મન જ્યાં પામે,
એવા ગિરનારને સહુ નમે.
ચોમેર જ્યાં વિસ્તરેલી વનરાજી
ગૂઢ રહસ્યોની મળી જતી ચાવી,
જ્ઞાન, વિજ્ઞાન, ઔષધીઓ આ ધરાને ગમે,
એવા ગિરનારને સહુ નમે.
જ્યાં જતિ-સતી ને સંતોનો વસવાટ,
મુક્તિનો દ્વાર દામોકુંડ વખણાય.
અલખ કેરો ગુંજે અવિરત નાદ,
એવા ગિરનારને સહુ નમે

નેહા બગથરીયા

---

**NOG SS No :0001**

વિષય : પ્રકૃતિ ની ગોદમાં પ્રવાસ

પ્રકાર : ગદ્ય

રાજકોટ જિલ્લાના પાટણવાવ ગામે ઓસમ પર્વત આવેલો છે..જ્યાં વનરાજી વચ્ચે ૩૧૦ પગથિયાં ઉપર ચઢીને ટપકેશ્વર મહાદેવ આવે છે..બાજુમાં ખત્રી.બ્રહ્મ ક્ષત્રિયો ની કુળદેવી માતડી માતા નું મંદિર પણ પર્વત ઉપર આવેલું છે.ખૂબ રમણીય સ્થાન..પાંડવો ના પડાવ ની જગ્યા..જ્યા હજુ ભીમ ની થાળી છે..કહેવત પ્રમાણે
ઓસંમ પર્વત ઉપર થી હેડંબા ઉડી હતી જ્યા તેના રણકાર ના અવાજો ક્યારેક સંભળાય તેવી માન્યતા... ગૌ મુખી માથી સતત શિવલિંગ ઉપર પડતું પાણી જાણે કુદરતી અભિષેક બારેમાસ ચાલુ હોય તેવું દશ્ય...૪૫ વરસથી વિનુભાઈ પાઠક નામના સ્થાનિક પાટણવાવ ના રહીશ પૂજારી આજે પણ કાયમ સવારે પર્વત ચઢી પૂજા અર્ચના કરી સાંજે આરતી કરી પરત ફરે છે..ગોંડલ સ્ટેટ વખતે ગાયકવાડ સરકાર માં અભિભૂત જીર્ણોદ્ધાર થયેલ આ અહિતિહાસીક ટપકેશ્વર મહાદેવ ના મહિમા ને લીધે દર સોમવાર અનેક લોકો માનતા માટે પૂજા કરવા આવે છે.. હું પણ ૨૮ વરસ થી લગાતાર શ્રાવણ માસ સોમવાર અને તહેવારો માં પણ પરિવાર સાથે પૂજા અર્ચના કરવા જાઉ છું..ચારે બાજુ મોર ના ટહુકા નો અવાજ.જુદા જુદા જુદા પક્ષીઓ નો સવાર સાંજ કલરવ..પહાડ ઉપર થી દુર થી ગિરનાર ના દર્શન...પહેલા કેડીએ ચાલી ને પર્વત ચઢવો પડતો હતો પણ હવે તો છેક સુધી પગથિયાં બનાવવામાં આવ્યા છે..ઉપર ચાહ,પાણી જમવાનું બનાવી ને પિકનિક માણી શકાય તેવી સુંદર મીની સ્વિત્ઝલેન્ડ ની યાદ અપાવે તેવી રમણીય જગ્યા છે .જુદી જુદી વનસ્પતિઓ લેવા આયુર્વેદ ના જાણકાર લોકો આ ઓસંમ પર્વત ખુંદે છે.શ્રાવણ માસમાં ભારે ભીડ અહી જામે છે.આ ચમત્કારિક શિવલિંગ ની પૂજા અર્ચના કરવાથી લોકોએ માનેલી તેમની ઈચ્છા પૂર્ણ થયા ના અનેક કિસ્સા છે..રાજકીય લોકો પણ અહી લઘુરુદ્ર કરાવી પોતાની માનેલી ઈચ્છા પાર પાડી ચૂક્યા છે.રાજકોટ થી ગોંડલ.જેતપુર,ધોરાજી થઈ ત્યાંથી ૨૧ કિલોમીટર પાટણવાવ પહોંચી શકાય છે..જીવન માં આવો લહાવો એકવાર માણવા જેવો છે..હું પરિવાર સાથે આજે સવારે જ ટપકેશ્વર મહાદેવ થઈને ગાંધીનગર ઘરે પહોચ્યો છું..ઘરમાં દીકરી નો પ્રસંગ પૂર્ણ કર્યા પછી પરિવાર સાથે સોમનાથ મહાદેવ અને ટપકેશ્વર મહાદેવ ની યાત્રા પૂર્ણ કરી ને ઘરે આવ્યા...આશા છે આપને પણ મહાદેવ નું પવિત્ર સ્થાન ગમશે..

પ્રદીપ રાવલ..સંચાલક

---

**NOG : 100**

વિષય : પ્રકૃતિ ની ગોદમાં પ્રવાસ

પ્રકાર : પદ્ય

શિર્ષક : તડકાની બારી

ધરતીની ધુમ્મરીમાં ઘૂમી ઘૂમી હું,
કુંપણ છું ઉપવનમાં વિકસ્વા આવું.
ગર મલે તું મને જો મારા ઓ ખુદા ,
માથે ઝાકળના ઝબકારા જાલી લાવું.
સૂર્યની આંચથી ફૂલોં મંદ મંદ મલકે,
થોરનું લીલું પાન તોડી જોવા આવું.
ચકલીની છાતીએ હુંફાળો ટહુકો લખી,
ડાળીએ કાગળા પોપટ વાયરા લાવું.
મને ચાર પાંચ કુંપણ ફૂટવાનો વૈભવ,
તડકાની બારી હું વસંત જોવા આવું.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

## મુંબઈ સ્થિત સિદ્ધિવિનાયક મંદિરમાં ‘દર્શન પ્રવેશિકામાં કાળોબજાર પ્રત્યેક પાસેથી ૩૦૦ થી ૭૫૦ રૂપિયાની લૂંટ ! - ડો. અમિત થડાની, મુંબઈ


કોરોના કાળથી મુંબઈના પ્રસિદ્ધ શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન માટે ‘ઑનલાઈન ઍપ’ પર બુકીગ કરવું ફરજિયાત કર્યું છે. તેને કારણે ભક્તોને સીધા દર્શન મળતાં નથી. ભક્તો બુકીગ માટે ઑનલાઈન ઍપ પર ગયા પછી પહેલેથી જ દર્શન માટેની સર્વ પ્રવેશિકા મંદિર વિસ્?તારના સર્વ દુકાનદારોએ અનેક બનાવટી ખાતા ખોલીને બુક કરી લીધા હોય છે. તેથી ભક્તોને પ્રવેશિકા મળતી નથી. સ્થાનિક દુકાનદાર ‘અમે તમને દર્શન માટે પ્રવેશિકા આપીશું’ એમ કહીને સિનેમાની ટિકિટની જેમ કાળોબજાર કરીને પ્રત્યેક ભક્ત પાસેથી ૨૦૦ થી ૩૦૦ રૂપિયા લૂંટે છે. કેવળ દુકાનદાર જ નહી, જ?યારે વિશ્વસ્તોમાંના કેટલાક લોકો સહભાગી છે અને બે વ્યક્તિઓ માટે ૧,૫૦૦ રૂપિયાની માગણી કરે છે. પોલીસે ધાડ પાડીને હવે કેટલાક લોકો પર ભલે કાર્યવાહી કરી હોય, તો પણ તે નજીવી છે અને સર્વ દોષીઓ પર કઠોર કાર્યવાહી થવી જોઈએ. તે માટે જે લોકો પાસેથી પૈસા લેવામાં આવ?યા છે, તે સર્વ ભક્તોએ ફરિયાદ નોંધાવવા માટે આગળ આવવું જોઈએ, એવું આવાહન આ કૌભાંડ ઉજાગર કરનારા મુંબઈ ખાતેના ડૉ. અમિત થડાનીએ કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ‘મંદિરોનું સરકારીકરણ : સરકારી લૂંટનું તંત્ર’ આ વિષય પર આયોજિત ‘ઑનલાઈન’ વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

બિહારમાં મંદિરો પર કર લાદનારો કાયદો સંમત થવા દેશું નહી ! - ધારાશાસ?ત્રી રાકેશ દત્ત મિશ્ર

બિહારમાં સરકારને મંદિરોની ભૂમિ દેખાય છે; પણ ચર્ચ અને મસ?જિદોની ભૂમિ દેખાતી નથી. બિહારમાં એકપણ પૂજારીને શાસકીય વેતન મળતું નથી, જ્યારે મૌલવીઓને ૧૦ હજાર રૂપિયાનું વેતન કેવી રીતે આપવામાં આવી રહ્યું છે ? આ બાબત બંધારણની સમાનતાના વિરોધમાં છે. મંદિરો પર ૪ ટકા કર લગાડવાના નિર્ણયનો અમે વિરોધ કરવાના છીએ અને મા. રાજ?યપાલને નિવેદન આપવાના છીએ. કોઈપણ પરિસ્થિતિમાં આ કાયદો સંમત થવા દેશું નહી, એવું પ્રતિપાદન બિહાર ખાતેના ‘ભારતીય જનક્રાંતિ દળ’ના રાષ્ટ્રીય મહાસચિવ ધારાશાસ્ત્રી રાકેશ દત્ત મિશ્રએ કર્યું. આ સમયે સર્વોચ્ચ ન્યાયાલયના ઉમેશ શર્માએ કહ્યું કે, મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાંના ટિકિટોના કાળાબજાર પ્રકરણ અંગે સાયબર સેલ પાસે ફરિયાદ કરવી જોઈએ, તેમજ ન?યાયાલયમાં આ વિશે દાદ માગી શકાય છે. બિહારમાં કેવળ મંદિરો પાસેથી ૪ ટકા કર અને અન?ય પંથીઓને છૂટ આપવી, આ ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૧૯નું ઉલ?લંઘન છે. ધર્મનિરપેક્ષ સરકારનું કામ મંદિરો ચલાવવાનું નથી.

આ સમયે સમગ્ર દેશમાંના સરકારીકરણ થયેલાં વિવિધ મંદિરોના ભ્રષ્ટાચાર વિશે જાણકારી આપીને સનાતન સંસ?થાના ધર્મપ્રચારક શ્રી. અભય વર્તકે ઉમેર્યું કે, સ્વતંત્રતા પછી દેશમાં થયેલો સૌથી મોટો અન્યાય એટલે વિવિધ રાજ?ય સરકારોએ કરેલી હિંદુ મંદિરોની લૂંટ ! ભ્રષ?ટાચાર કરનારા શાસકીય વિશ્વસ્તોની સાચી જગ?યા કારાવાસ છે. તે માટે ડૉ. થડાનીએ કહ્યું તે પ્રમાણે હિંદુઓએ લડત ઉપાડવી પડશે. ઉત્તરાખંડમાં જેવી રીતે પૂજારી અને હિંદુત્વવાદી સંગઠનોએ એકત્રિત થઈને લડત ઉપાડવાથી ત?યાંનાં મંદિરોનું સરકારીકરણ રદ થયું, તેવી રીતે સમગ્ર દેશમાંના હિંદુઓ સંગઠિત થયા પછી આ થઈ શકશે.

## ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા સરગાસણ ખાતે આનંદના ગરબા યોજાયા



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૧, રવિવારના રોજ મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા દેવશરણમ એપાર્ટમેન્ટ, સરગાસણ ખાતે આનંદના ગરબાનું આયોજન કરાયું હતું જેમાં સ્થાનિક મહિલાઓએ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાનગરના મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા મોરચાની ટીમે કર્યું હતું. આનંદના ગરબામાં ભાજપા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા ડૉ. દીપિકાબેન સરડવા, મહાનગર ભાજપા અધ્યક્ષાશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ હાજરી આપી હતી. મહાનગરના મહિલા કોર્પોરેટરશ્રીઓ, મહિલા મોરચાના કાર્યકર્તા બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન મહિલા મોરચા અગ્રણી વર્ષાબેન શુક્લના નિવાસસ્થાને કરાયું હતું.

## આજના સમયમાં વિદેશ જવું કોને નથી ગમતું?




દરેક વાલીનું સપનું હોય છે કે પોતાનો દીકરો કે દીકરી વિદેશમાં અભ્યાસ કરે પરંતુ આજના સમયમાં વિદેશ જવા માટે સાચી અને સચોટ માહિતી મેળવવી ખૂબ જ અગત્યની છે અને સાથે સાથે વિદેશ ગયા પછી પોતાના બાળકનું ધ્યાન કોણ રાખશે તે પણ ખૂબ ગંભીર પ્રશ્ન કહી શકાય પરંતુ ગાંધીનગર સ્થિત સત્સંગ શિક્ષા પરિષદ દ્વારા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે નિયો ગુરુકુળની રચના કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓને IELTSના અભ્યાસ માટે સચોટ માહિતી આપવામાં આવે છે તેમજ 3D Visualના ઉપયોગથી વિદ્યાર્થી અહીથી કોઈપણ દેશની કોઈપણ યુનિવર્સિટીને મહેસૂસ કરી શકસે તેમજ તેના structureને પણ સમજી શકશે તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રી સ્વામીજી હરિપ્રકાશ દાસજી, જ્ઞાનપ્રકાશ સ્વામીજી, રામ સ્વામીજી તેમજ અન્ય સંતો થકી ઉદઘાટન કરવામાં આવ્યુ તેમજ ડાયરેક્ટર શ્રી ઉમંગભાઈ વસાણી એ જણાવ્યું કે આ સંસ્થા થકી વિદ્યાર્થીઓને ieltsના ફ્રી કોચિંગ ક્લાસીસ આપવામાં તેમજ નિયો ગુરુકુળ થકી વિદેશ ગયેલા તમામ વિદ્યાર્થીઓને જે તે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હશે તો ત્યાં જઈને નિયો ગુરુકુળ તરફથી એમને મદદ કરવામાં આવશે.

## મહેસાણા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા ૧૫૦૦ આયુષ્યમાન કાર્ડ અને ૫૦૧ શ્રમજીવી કાર્ડ પ્રદેશ અધ્યક્ષ શ્રી પાટીલ સાહેબના વરદ હસ્તે વિતરણ કરવામાં આવ્યું

મહેસાણા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા ૧૫૦૦ આયુષ્યમાન કાર્ડ અને ૫૦૧ શ્રમજીવી કાર્ડ પ્રદેશ અધ્યક્ષ શ્રી પાટીલ સાહેબના વરદ હસ્તે વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી આર પાટીલ સાહેબ સંબોધન કરતા કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે કોંગ્રેસે હંમેશા પ્રજાનું શોષણ કર્યું છે, કોઈ દિવસ પ્રજાની ચિંતા કરી નથી એવો એક દાખલો બતાવો કે પ્રજાની વચ્ચે જઈ અને કોંગ્રેસે પ્રજાનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કર્યો હોય . ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઘરે ઘરે ફરીને પ્રજાની સમસ્યાઓ નો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. કોરોના કાળમાં જેટલા લોકોએ રસી નથી લીધી તેમના ઘરે પણ પહોંચીને ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા મદદ કરી રહ્યો છે.

શ્રી પાટીલ સાહેબ વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની મળીને કુલ ૪૪૦ યોજનાઓ છે આ યોજનાઓનો પ્રચાર અને પ્રસાર અને લાભ છેવાડાના માનવીને મળે તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને હાંકલ કરી. આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું કે, આજે જે વિતરણ થયું છે તેની કિંમત ૭૫ કરોડથી વધારે થાય છે,જિલ્લાનો કોઈપણ લાભાર્થી બાકાત ન રહે તે માટે ધ્યાન રાખવા જણાવ્યું.

શ્રી સી.આર.પાટીલ સાહેબે મહેસાણા જિલ્લાની મહિલા મોરચાના ટીમને અભિનંદન પાઠવ્યા હતા ગુજરાતની અંદર પ્રથમવાર પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે આયુષ્યમાન કાર્ડ યોજના અને શ્રમજીવી યોજના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રી અને મહેસાણા જીલ્લાના ધારાસભ્ય શ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ, પ્રદેશ મંત્રીશ્રી પંકજભાઈ ચૌધરી, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડોક્ટર દિપીકાબેન સરડવા, મહેસાણા જિલ્લા ભાજપના પ્રભારીશ્રીઓ શ્રીમતી કૌશલ્યા કુંવરબા અને શ્રી કનુભાઈ પટેલ, મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષાશ્રી જશુભાઇ પટેલ, મહિલા મોરચાના જિલ્લા અધ્યક્ષાશ્રી આશાબેન પટેલ, મહેસાણા જિલ્લા મહિલા મોરચાના પ્રભારીશ્રી શ્રદ્ધાબેન જા અને વિશાળ સંખ્યામાં મહેસાણા જિલ્લા મહિલા મોરચાની બહેનો કાર્યકર્તાઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

## ડો.બાબા સાહેબ આંબેડકર ના ૬૫ માં નિર્વાણ દિનના પવિત્ર દિને...

# અમદાવાદના પાલડી સ્થિત નવનિર્મિત નરસિંહ ભગત છાત્રાલય (બ્લોક-બી) નું લોકાર્પણ કરતાં મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર



ડૉ.બાબા સાહેબ આંબેડકર ના ૬૫ માં નિર્વાણ દિનના પવિત્ર દિને અમદાવાદના પાલડી સ્થિત નવનિર્મિત નરસિંહ ભગત છાત્રાલય(બ્લોક-બી)નું મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

આ નવિન બિલ્ડીંગનું લોકાર્પણ કર્યા બાદ ડૉ. આંબેડકરનું સંસ્મરણ કરતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમારે તેમને મહામાનવ ગણાવ્યા હતા. મંત્રી શ્રી એ ડૉ. બાબા સાહેબના દેશના બંધારણ નિર્માણમાં રહેલા અનેરા યોગદાનનું મહત્વ સમજીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં ૨૬ મી નવેમ્બર થી ૬ ડિસેમ્બર સુધી બંધારણ ગૌરવ યાત્રા કાઢવામાં આવી હોવાનું જણાવી આજે ગુજરાતમાં વડનગર ખાતેથી બંધારણ ગૌરવ યાત્રાનો સમાપન સમારોહ યોજાશે તેમ કહ્યું હતુ. મંત્રી શ્રી પ્રદિપભાઈએ નરસિંહ ભગત છાત્રાલયની પવિત્ર ભૂમિ જ્ઞાનનો દરિયો હોવાનું જણાવી અહીં અનેક નામિ-અનામિ લોકોનું જીવન ઘડતર થયું હોવાનું કહ્યું હતુ.

નરસિંહ ભગત છાત્રાલયના નવીનીકરણ પામેલા બી-બ્લોકનું લોકાર્પણ કરીને અન્ય બિલ્ડીંગનું પણ ટૂંક સમયમાં નવિનીકરણ થશે તેવી અગત્યની જાહેરાત મંત્રી શ્રી એ આ પ્રસંગે કરી હતી.

અગાઉની સરકારમાં ગામડાના અનુસૂચિત જાતિના વિધાર્થીઓ શિક્ષણક્ષેત્રની અનેક સુવિધાઓ અને વિકાસ થી વંચિત રહ્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે વંચિતોના વિકાસની ચિંતા કરીને સર્વાંગી વિકાસ થાય તે દિશામાં અનેકવિધ પગલા હાથ ધર્યા છે. જે પરપાટી પર પ્રવર્તમાન સરકાર ચાલી રહી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સર્વે છાત્રાલયને એક કરીને સમરસ છાત્રાલય નું નિર્માણ કરી સર્વે સમાજને એક કરવાનું કાર્ય કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના દરેક વિદ્યાર્થીને શિક્ષણની શ્રેષ્ઠત્તમ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો નિર્ધાર કર્યો છે જે પૂર્ણ કરવા સરકાર કટિબધ્ધ છે. આગામી સમયમાં અનુસૂચિત જાતિના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ અર્થે જાય તે પ્રકારનું સુદ્રઢ આયોજન સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

મંત્રી શ્રી આ લોકાર્પણ સમારોહ ના માધ્યમથી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સંલગ્ન કાર્યરત રાજ્યની તમામ છાત્રાલયમાં વિધાર્થીઓના વિકાસ અર્થે ખૂટતી તમામ સુવિધાઓ પરિપૂર્ણ કરવાની ખાતરી પણ આપી હતી.

એલિસબ્રીજ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહે આ પ્રસંગે નરસિંહ ભગત છાત્રાલયમાં થયેલ નવીનીકરણ બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેઓએ આ પ્રસંગે નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનું ઉત્તરોઉત્તર બજેટ વધારીને વંચિતોના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું જણાવ્યુ હતુ.

અમદાવાદ શહેર મેયર શ્રી કિરિટભાઈ પરમારે ૬૭ વર્ષ જૂની નરસિંહ ભગત છાત્રાલયમાં સામાજીક કલ્યાણ વિભાગ દ્વારા નવીનીકરણ કરીને અત્યાધુનિક સુવિધાથી સજ્જ કરવામાં આવ્યું હોવાનું જણાવી અત્યાર સુધીમાં આ ઐતિહાસિક છાત્રાલયમાં ૧૭ હજાર થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હોવાનું કહ્યું હતુ.

અત્રે નોંધનીય છે કે, અધતન સુવિધાઓ થી સજ્જ નવિનીકરણ પામેલ છાત્રાલય બિલ્ડીંગ(બી-બ્લોક) રૂ.૯.૬૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.અમદાવાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકનું આ બિલ્ડીંગ ૩૦૦ થી વધુ વિધાર્થીઓને રહેવા માટેની ક્ષમતા વાળું આ બિલ્ડીંગ વિધાર્થીઓને શિક્ષીત કરીને કારકિર્દી ઘડતરમાં મદદરૂપ બનશે. નરસિંહ ભગત છાત્રાલયના લોકાર્પણ પ્રસંગે અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી બી. પી. ચૌહાણ તથા સયુંકત નિયામક શ્રી નયનાબેન શ્રીમાળી,જીલ્લા નાયબ નિયામક મનિષ સોલંકી તથા જિલ્લાના અન્ય અધિકારીશ્રીઓ તથા કોર્પોરેટર સર્વે શ્રી તથા જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં

અમિતસિંહ ચૌહાણ

## ૦૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે

# અરવલ્લી જીલ્લામાં "મકરસંક્રાતિ" વિષય પર ૨૪ ડિસેમ્બર સુધી ચિત્રસ્પર્ધા યોજાશે

## રાજ્યકક્ષાની ચિત્રસ્પર્ધાનુ આયોજન ત્રણ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે કરાશે

માહિતી બ્યુરો,મોડાસા

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત "મકરસંક્રાતિ" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

જેમાં આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૦૮ થી ૧૩(૩૧ ડિસેમ્બર ૨૦૦૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના વચગાળાના બાળકો) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજ્યકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,રવિશંકર રાવલ કલાભવન,એલિસબ્રિજ,અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ?.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ?.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ?.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ?.૫,૦૦૦/- (પ્રત્યેક) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે.

જિલ્લાકક્ષા સ્પર્ધા માં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી ખાતે જિલ્લા રમતગમત અધિકારીને પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. એમ જિલ્લા રમત ગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# લોકરક્ષક દળની તૈયારી કરતા પરીક્ષાર્થીઓ માટે મોડાસા ટાઉનહોલમાં માર્ગદર્શક સેમિનાર યોજાયો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાંથી મોટી સંખ્યામાં યુવાનો અને યુવતીઓ લોકરક્ષક દળની પરીક્ષા માટે ઉમેદવારી પત્ર ભરી શારીરિક અને લેખિત કસોટી માટે તનતોડ મહેનત કરી રહ્યા છે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે

લોકરક્ષક દળની પરીક્ષાર્થીઓને ભરતી માટેનું સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે અરવલ્લી જીલ્લા પોલીસે તપસ્યા એકેડમીના સંયુક્ત ઉપક્રમે મોડાસા ટાઉનહોલ ખાતે સેમિનારનું આયોજન કર્યું હતું જેમાં જીલ્લાના ૪૦૦ થી વધુ ઉમેદવારો ઉપસ્થીત રહ્યા હતા અને પરીક્ષા અંગે નિષ્ણાત તજજ્ઞો સાથે વાર્તાલાપ કર્યો હતો

મોડાસા ટાઉન હોલ ખાતે લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓ માટે યોજાયેલ સેમિનારમાં કાયદા વિષય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ સેમિનારમાં ટાઉન પીઆઈ નીતિમિકા ગોહિલ, રૂરલ પીઆઈ મુકેશ તોમર, ધનસુરા પીઆઈ એસ.એન.પટેલે આઈપીસી અને સીઆરપીસી એક્ટ વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું સેમિનારમાં ઉપસ્થિત પરીક્ષામાં કાયદાનું મહત્વ અને એવિડન્સ એક્ટ વિષે પરીક્ષાર્થીઓને માહિતી આપી અને કઈ રીતે લોકરક્ષક દળની લેખિત પરીક્ષામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શકાય તેમાટે સમજ આપી હતી તેમજ સેમિનારમાં ઉપસ્થિત પરીક્ષાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમની મુંઝવણો અંગે સચોટ દિશા સૂચન કર્યું હતું

# અરવલ્લીમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે માટે ૨૦ ડિસેમ્બર સુધી પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા

માહિતી બ્યુરો,મોડાસા

અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ના કલાક ૦૦-૦૦થી તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રદિપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે. જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનારને, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓને, કોઈ પણ અંતિમયાત્રાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે.

# અરવલ્લી જીલ્લામાં ચાલતા COVID-19ના વાયરસને ફેલાવતો અટકાવવા જીલ્લા અધિક નિવાસી કલેક્ટરશ્રી દ્વારા પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

હાલમાં ચાલતા COVID-19ના વાયરસને ફેલાવતો અટકાવવા સારૂ તથા અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમા તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રદિપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ- ૩૭ (૩) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિત મનાઈ હુકમો જાહેર કર્યા. અરવલ્લી જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સક્ષમ અધિકારીની મંજુરી સિવાય જાહેર સ્થળોએ વગર પરમીશને ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જાહેર સ્થળે ચારથી વધુ ઈસમો એકત્રિત ન થાય તે હેતુસર તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) સુધી સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે/ ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ માણસો એક્ત્રીત થવા તથા કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ અને કોઈપણ જાતની સભા સરઘસ કાઢવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેમજ આ આદેશ સરકારી નોકરીમાં/ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને, કોઈ લગ્નના વરઘોડાને તથા કોઈ સ્મશાન યાત્રાને લાગુ પડશે નહિ. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે.



બગસરામાં અને સાપર ગામમાં રહેતા ૨૦ વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા ડિસેમ્બર-૨૦૨૧નું વિતરણ કરવામાં આવ્યું. પોતાના દીકરા જાણીને હરખથી આશીર્વાદ આપે અને સાથે ખૂબ જ આનંદ અને ખુશી વ્યક્ત કરે કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે...

## ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી ની પ્રેરક ઉપસ્થિતિમાં

# અમદાવાદ ખાતે 'હોમગાર્ડ નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ' ઉજવાયો



ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને અમદાવાદના લાલ દરવાજા સ્થિત હોમગાર્ડ ગ્રાઉન્ડ ખાતે 'હોમગાર્ડ નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી પ્રસંગે હોમગાર્ડ જવાનોની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવતા ગૃહ રાજયમંત્રીએ કહ્યું કે, રાજયના હોમગાર્ડ જવાનો માનવતાવાદી સેવાકીય કાર્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

તેમણે કહ્યું કે, રાજયમાં આવેલી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં હોમગાર્ડ જવાનો હર હંમેશ ખડેપગે કાર્યરત રહ્યા છે.

તેમણે એમ પણ ઉમેર્યું કે કોરોના કાળમાં લોકડાઉનના સમયગાળામાં પણ હોમગાર્ડ જવાનોએ રાજય પોલીસ સાથે ખભેખભા મિલાવીને પોતાની જવાબદારી સહર્ષ નિભાવી છે.

કોરોના કાળમાં પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવતા શહીદ થયેલ ૪૬ હોમગાર્ડ જવાનોના બલિદાનને રાજય સરકાર અને રાજયના નાગરિકો હર હંમેશ યાદ રાખશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ બલિદાનને અમર કરવા ગૃહ રાજયમંત્રીએ જિલ્લાસ્તરે પ્લાટુનના વ્યવસ્થાપન કરતા અધિકારીશ્રીઓ આને પ્લાટુનના પરિવારજનોને કોરોના વોરિયર્સ ના આશ્રિતોને સહયોગી બનવા અપીલ કરી હતી.

સિવિલ ડિફેન્સના જવાનો પણ રાજયની વિવિધ આકસ્મિક પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ કામગીરી કરે છે તેમ જણાવી સીવીલ ડીફેન્સ ને ઉપયોગી સાધનસામગ્રી તેમજ વિવિધ ક્ષેત્રમાં રીફોર્મસ લાવવા રાજ્ય સરકાર તત્પર હોવાનું રાજ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

હોમગાર્ડ આને સીવિલ ડિફેન્સના જવાનો દ્વારા પરેડ માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી. જે ઉપસ્થિત લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી. આ કાર્યક્રમમાં આપતકાલીન પરિસ્થિતિમાં નાગરિક સરક્ષણની કામગીરી કેવા પ્રકારની હોય તેનું પણ નિરક્ષણ કરવામાં આવ્યું હતું.

કોરોના કાળ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરનાર કોરોના વોરિયર્સ ના આશ્રિતોને ગૃહરાજયમંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે વંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.મહામહિમ રાષ્ટ્રપતિ ચંદ્રકો આપી અને શૌર્યપૂર્ણ કામગીરી કરનાર જવાનોને બિરદાવવામાં આવ્યા હતા.. હોમગાર્ડ બેન્ડ દ્વારા કરતલધ્વની અને વિવિધ સૂરાવલિઓથી ગૃહ રાજયમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું.

આ ઉજવણીના અવસરે અમદાવાદ શહેર શ્રી કિરીટભાઈ પરમાર, શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ, હોમગાર્ડ આને સીવીલ ડીફેન્સ ના વડા, સહિતના પોલીસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

## ખીમાસર પ્રાથમિક શાળા ના ઉત્સાહી શિક્ષક

# શ્રી મદારસિંહ ગોહિલે પોતાનો ૪૮મો જન્મ દિવસ પોતાની શાળાના બાળકો વચ્ચે ઉજવણી કરી અન્ય શિક્ષકોને નવો રાહ ચીંધ્યો

સાંતલપુર તાલુકાની ખીમાસર પ્રાથમિક શાળાના શિક્ષક અને ૪૮ પદમનાથ વિસ્તારની ૧૭ સોસાયટીઓ ના પ્રમુખ અને રાજપૂત સમાજના યુવા અગ્રણી શ્રી મદારસિંહ બાપુ એ પોતાનો ૪૮મો જન્મદિવસ ઉજવણી અગરિયા વિસ્તારના અને અતિપછાત વિસ્તારના બાળકો વચ્ચે પોતાના જન્મ દિવસની ઉજવણી શાળા ના બાળકોને તિથિ ભોજન કરાવી ને જન્મ દિવસની ઉજવણી કરી.સૌપ્રથમ પ્રાર્થનામાં બાળકોને ચોકલેટ ની વહેચણી કરી અને ત્યારબાદ બાળકો અને એમની શાળા પરિવાર ના આચાર્ય શ્રી પુજાભાઈ.અને રવીન્દ્રભાઈ અને વિશ્રામ ભાઈ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી.

ત્યારબાદ શાળાના બાળકો દ્વારા શુભેચ્છા આપવામા આવી.અને છેલ્લે તમામ બાળકોને તિથિ ભોજન આપવામા આવ્યું.જેથી તમામ બાળકો આનંદિત થઈ ગયેલ ઉલ્લેખનીય છે કે અત્યારના સમયમાં લોકો બર્થ ડેની ઉજવણી હોટલમાં કરતાં હોય છે ત્યારે શાળાના બાળકો સાથે બર્થ ડેની ઉજવણી કરવી એ પ્રશંસનીય બાબત છે તેમણે સાંતલપુર તાલુકા અને સમગ્ર પાટણ જિલ્લાના શૈક્ષણિક તંત્રાને પ્રેરણા પૂરી પાડી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.